# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા –ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત

વાર્ષિક પરીક્ષા જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦–૦૧–૨૦૧૬ ● સમયઃ સવારે ૯ થી ૧૨ ● શ્રેણી : **૧૨** ● ગુણ : ૧૦૦

(Dharmik Shikshan Board Certificate Course Level : 12


**પ્ર. : ૧. મોટા બાસઠિયાના આધારે નીચેના બોલનો બાસઠિયો લખો :**

**(ક) (માત્ર અંકમાં કોઈ પણ આઠ)**

૧) બાદર, ૨) સમુચ્ચય જીવ ૩) અણિંદિયા ૪) ત્રસકાય ૫) નપુંસક વેદ ૬) લોભ કષાય ૭) ઉપશમ સમકિત ૮) અસંજતિ ૯) અચરમ ૧૦) વિભંગજ્ઞાની.

જવાબ (ક)

| બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|
| (૧) બાદર | ૧૨ (સૂક્ષ્મના બે વર્જીને | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| (૨) સમુચ્ચય જીવ | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| (૩) અણિંદિયા | ૧(સંજ્ઞીનો પર્યાપ્ત) | ૨ (તેરમું,ચૌદમું) | ૭ | ૨ | ૧ (શુક્લ |
| (૪) ત્રસકાય | ૧૦ (૪ એકે વર્જીને) | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| (૫) નપુંસક વેદ | ૧૪ | ૯ (પ્રથમના) | ૧૫ | ૧૦ | ૬ |
| (૬) લોભ કષાય | ૧૪ | ૧૦ (પ્રથમના) | ૧૫ | ૧૦ | ૬ |
| (૭) ઉપશમ સમકિત | ૨ (સંજ્ઞીના) | ૮ (૪થી ૧૧) | ૧૫ | ૭ | ૬ |
| (૮) અસંજતિ | ૧૪ | ૪ (પ્રથમ) | ૧૩ | ૯ | ૬ |
| (૯) અચરમ | ૧૪ | ૧ (પ્રથમ) | ૧૩ | ૮ | ૬ |
| (૧૦) વિભંગજ્ઞાની | ૨ (સંજ્ઞીના) | ૨ (૧લું, ૩જું) | ૧૩ | ૬ | ૬ |

**(ખ) સંપૂર્ણ બાસઠિયો લખો : (કોઈ પણ ચાર) :**

૧) મનુષ્યાણી ૨) અચક્ષુદર્શન ૩) અનાકાર ઉપયોગ ૪) વૈક્રિય શરીર ૫) યથાખ્યાત ચારિત્રી.

જવાબ (ખ) ૧) મનુષ્યાણી : જીવના ભેદ - ૨ સંજ્ઞીના, ગુણસ્થાન - ૧૪, યોગ-૧૩, આહારકના બે વર્જીને, ઉપયોગ-૧૨, લેશ્યા-૬.

૨) અચક્ષુદર્શન : જીવના ભેદ-૧૪, ગુણસ્થાન-૧૨ (પ્રથમના) જો-૧૫, ઉપયોગ-૧૦ બે (કેવળજ્ઞાન-કેવળદર્શન વર્જીને) લેશ્યા - ૬.

૩) અનાકાર ઉપયોગ : જીવના ભેદ-૧૪, ગુણસ્થાન-૧૩, (દશમું વર્જીને) જોગ-૧૫, ઉપયોગ-૧૨, લેશ્યા - ૬.

૪) વૈક્રિય શરીર : જીવના ભેદ-૪ તે ૨ સંજ્ઞીના, ૧ અસંજ્ઞી પંચે.નો અપર્યાપ્તો અને ૧ બાદર એકેન્દ્રિયની પર્યાપ્તે એ ચાર ભેદ. ગુણસ્થાનક-૭, જોગ-૧૨, ૨ આહારક + ૧ કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૦ બે કેવળના વર્જીને, લેશ્યા-૬.

૫) યથાખ્યાતચારિત્રીઃ જીવનો ભેદ-૧, ગુણસ્થાન-૪ તે ૧૧ થી ૧૪, જોગ-૧૧ ને ૪ મનના, ૪ વચનના, ૨ ઔદારિકના, અને ૧ કાર્મણના. ઉપયોગ - ૯ (૫ જ્ઞાનના અને ૪ દર્શનના), લેશ્યા-૧ શુક્લ.

**(ગ)માગ્યા પ્રમાણે કરો :**

૧) નોસૂક્ષ્મ નોબાદરમાં લેશ્યા ૨) અભાષકમાં ઉપયોગ ૩) અજ્ઞાનીમાં જોગ

૪) અવેદીમાં ગુણસ્થાન ૫) તિર્યંચમાં જીવના ભેદ ૬) સૂક્ષ્મમાં લેશ્યા.

જવાબ (ગ) ૧) નોસૂક્ષ્મનો બાદરમાં લેશ્યા = નથી

૨) અભાષકમાં ઉપયોગ -૧૧, તે મનઃપર્યવજ્ઞાન વર્જીને

૩) અજ્ઞાનીમાં જોગ - ૧૩ આહારકના બે વર્જીનો.

૪) અવેદીમાં ગુણસ્થાન - ૬ તે ૯થી ૧૪

૫) તિર્યંચમાં જીવના ભેદ - ૧૪

૬) સૂક્ષ્મમાં લેશ્યા - ૩ તે પ્રથમની.

**(ઘ) અલ્પ બહુત્વ લખો (કોઈ પણ ચાર ) :**

૧) જ્ઞાનદ્વાર ૨) લેશ્યાદ્વાર ૩) ઇન્દ્રિયદ્વાર ૪) વેદદ્વાર ૫) કાયદ્વાર

જવાબ (ઘ) ૧) **જ્ઞાનદ્વાર :** સર્વથી થોડા મનઃ પર્યવજ્ઞાની (સંખ્યાતા)
તેથી મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની માંહોમાંહી તુલ્ય ને વિશેષાધિક.
તેથી વિભંગજ્ઞાની અસંખ્યાત ગુણા
તેથી કેવળજ્ઞાની અનંતગુણા.
તેથા સમુચ્ચયજ્ઞાની વિશેષાધિક
તેથી મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની તથા અજ્ઞાની માંહોમાંહી અને અનંતગુણા છે.

૨) લેશ્યાદ્વાર : સર્વથી થોડા શુક્લલેશી (અસંખ્યાતા)
તેથી પદ્મલેશી સંખ્યાત ગુણા
તેથી તેજોલેશી સંખ્યાત ગુણા
તેથી અલેશી અનંતગુણા
તેથી કાપોત લેશી અનંતગુણા
તેથી નીલલેશી વિશેષાધિક
તેથી કૃષ્ણલેશી વિશેષાધિક
તેથી સલેશી વિશેષાધિક

૩) **ઈન્દ્રિયદ્વાર :** સર્વથી થોડા પંચેન્દ્રિય (અસંખ્યાતા)
તેથી ચૌરેન્દ્રિય વિશેષાધિક
તેથી તેઈન્દ્રિય વિશેષાધિક
તેથી બેઈન્દ્રિય વિશેષાધિક
તેથી અણિન્દ્રિયા અનંતગુણા
તેથી એકેન્દ્રિય અનંતગુણા
તેથી સઈન્દ્રિય વિશેષાધિક

૪) **વેદદ્વાર :** સર્વથી થોડા પુરુષવેદી (અસંખ્યાતા)
તેથી સ્ત્રીવેદી સંખ્યાતગુણા
તેથી અવેદી અનંતગુણા
તેથી નપુંસક વેદી અનંતગુણા
તેથી સવેદી વિશેષાધિક

૫) **કાયદ્વાર :** સર્વથી થોડા ત્રસકાય અસંખ્યાતા
તેથી તેઉકાય અસંખ્યાતગુણા
તેથી પૃથ્વીકાય વિશેષાધિક
તેથી અપકાય વિશેષાધિક
તેથી વાઉકાય વિશેષાધિક
તેથી અકાયા અનંતગુણા
તેથી વનસ્પતિકાય અનંતગુણા
તેથી સકાય વિશેષાધિક

**(ચ) માગ્યા પ્રમાણે જવાબ આપો :**

(૧) બાસઠિયાના ૯મા દ્વારનું અને ૧૫મા દ્વારનું નામ લખો :

જવાબ (ચ) ૧) બાસઠિયાના ૯મા દ્વારનું નામ = સમકિત દ્વાર, ૧૫મા દ્વારનું નામ ભાષગ દ્વાર

(૨) જુગલિયામાં ગુણસ્થાન કેટલા ? શા માટે ?

જ. ૨) જુગલિયામાં બે ગુણ. ૧લું અને ૪થું હોય, કારણ કે જુગલિયાના ભવમાં દૃષ્ટિ પરિવર્તન ન થાય માટે સમકિતી જુગલિયા સમકિતી રહે. મિથ્યાત્વીની જુગલિયા મિથ્યાત્વી જ રહે. મિશ્ર દૃષ્ટિ ન હોય માટે.

(૩) સ્ત્રીવેદમાં યોગ કેટલા ? શા માટે ?

જ. ૩) સ્ત્રીવેદમાં ૧૩ યોગ હોય કારણ કે સ્ત્રીવેદમાં ૧૪ પૂર્વનું જ્ઞાન ન હોય તેથી આહારક શરીર ન હોય. માટે આહારકના બે વર્જીને ૧૩ યોગ હોય.

(૪) મનયોગીમાં યોગ કેટલા ? શા માટે ?

જ. ૪) મનયોગીમાં કાર્મણનો એક યોગ વર્જીને ૧૪ યોગ હોય કારણ કે કાર્મણ કાય યોગ વાટે વહેતા અને કેવળીને ૧૩મે ગુણસ્થાને હોય છે માટે.

(૫) અણાહારકમાં ગુણસ્થાન કેટલા ? કયા ? કયા ?

જ. ૫) અણાહારકમાં પાંચ ગુણસ્થા, પહેલું, બીજું, ચોથું, તેરમું, ચૌદમું હોય.

**પ્ર. : ૨. રૂપી – અરૂપીના આધારે નીચેના જવાબ આપો :**

**(ક)** (૧) ત્રીજી ગાથામાં કેટલા બોલ દર્શાવ્યા છે ? તે રૂપી છે કે અરૂપી ?

**જવાબ : (ક) (૧) ત્રીજી ગાથામાં ૧૨ બોલ દર્શાવ્યા છે , તે બોલ રૂપી છે.**

(૨) રૂપી ચૌસ્પર્શીના બોલ બતાવતી ગાથા લખો.

**જ. (૨) કમ્મb પાવઠાણાય, મણ વચ જોગા ચ કમ્મ દેહે ।**
**સુહુમ પ્પએસિ ખંધે, એ સવ્વે ચઉ ફાસા ॥**

(૩) આઠ સ્પર્શમાંથી સૂક્ષ્મ પરિણામી અને બાદર પરિણામી સ્પર્શ કેટલા અને કયા કયા ?

**જ. (૩) આઠ સ્પર્શીમાંથી શીત ઉષ્ણ, લૂખો અને સ્નિગ્ધ એ ચાર સૂક્ષ્મ પરિણામી સ્પર્શ છે. ભારે, હળવો, ખરખરો અને સુંવાળો આ ચાર બાદર પરિણામી સ્પર્શ છે.**

(૪) રૂપી દ્રવ્યની વ્યાખ્યા લખો. તે ક્યાં હોય ? તેમાં કેટલા બોલ છે ?

**જ. (૪) જેમાં ૧ થી ૫ વર્ણ, બે ગંધ, ૫ રસ અને ૪-૮ સ્પર્શ છે તે રૂપી દ્રવ્ય છે. રૂપી દ્રવ્ય માત્ર લોકમાં છે, અલોકમાં નથી. રૂપી ચઉસ્પર્શીના ૩૦ અને આઠ સ્પર્શીના ૫૧ બોલ છે.**

(૫) દ્રવ્ય લેશ્યા રૂપી છે કે અરૂપી ? શા માટે ?

**જ. (૫) દ્રવ્ય લેશ્યા રૂપી છે કારણ કે તે બાદર પુદ્ગલ પરિણામ છે.**

**(ખ)નીચેના બોલ રૂપી છે કે અરૂપી તે લખો તેમજ કેટલા સ્પર્શી હોય ?**

૧) ગોત્રકર્મ ૨) અનુત્તર વિમાન ૩) ચાર પ્રકારની બુદ્ધિ ૪) ઘનવાત ૫) ઇહા.

**જવાબ (ખ)** ૧) ગોત્રકર્મ = રૂપી - ચૌસ્પર્શી
૨) અનુત્તર વિમાન = રૂપી - આઠ સ્પર્શી
૩) ચાર પ્રકારની બુદ્ધિ = અરૂપી -
૪) ઘનવાત = રૂપી આઠ સ્પર્શી
૫) ઈહા = અરૂપી

---

**પ્ર. : ૩. ઉપયોગ અધિકારના આધારે જવાબ લખો :**

**(ક) નીચેના જીવો કેટલા અને કયા ઉપયોગ લઈને નીકળે છે તે લખો :**

૧) જ્યોતિષી દેવ ૨) સાતમી નારકીના જીવો ૩) સર્વાર્થ સિદ્ધ વિમાનવાસી
૪) સૌધમ દેવલોકના દેવ ૫) સિંહ.

**જવાબ (ક)** ૧) જ્યોતિષી દેવ=૫ ઉપયોગ લઈને નીકળે (૨ અજ્ઞાન, ૧ અચક્ષુ દર્શન અને ૨ જ્ઞાન)
૨) સાતમી નારકીના જીવોઃ૩ ઉપયોગી લઈને નીકળે-૨ અજ્ઞાન અને ૧ અચક્ષુ દર્શન.
૩) સર્વાર્થ સિદ્ધ= પાંચ ઉપયોગ લઈને નીકળે - ૩ જ્ઞાન (પ્રથમ), ૨ દર્શન-અચક્ષુ-દર્શન અવધિ દર્શન.
૪) સૌધર્મ દેવલોકના દેવ = ૭ ઉપયોગ લઈને નીકળે તે ૩ જ્ઞાન + ૨ અજ્ઞાન + ૨ દર્શન (ચક્ષુ) અવધિ.
૫) સિંહ = ૮ ઉપયોગ લઈને નીકળે ૩ જ્ઞાન + ૩ અજ્ઞાન + ૨ દર્શન.

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(૧) ઉપયોગ અધિકાર કયા સૂત્રમાંથી લેવામાં આવ્યો છે તે સંપૂર્ણ માહિતી લખો.

**જવાબ (ખ) (૧) ઉપયોગ અધિકાર ભગવતી સૂત્ર-શતક-૧૩, ઉદ્દેશો ૧/૨માંથી લેવામાં આવ્યો છે.**

(૨) મનઃ પર્યવજ્ઞાન લઈને સાધુ કઈ ગતિમાં જાય ? શા માટે ?

**જ. (૨) મનઃ પર્યવજ્ઞાન લઈને સાધુ અન્ય ગતિમાં જઈ શકે નહિ. કારણ કે આ જ્ઞાન લઈને અન્ય ગતિમાં જઈ શકાતું નથી.**

(૩) પહેલી નરકથી સમકિતી નારકી કેટલા ઉપયોગ લઈને નીકળે ? કયા કયા ?

**જ. (૩) પહેલી નારકીથી સમકિતી નારકી નીકળે તો તે ૫ ઉપયોગ લઈને નીકળે. ૩ જ્ઞાન અને ૨ દર્શન.**

(૪) વાટે વહેતા જીવને કેટલા દર્શન હોય ? કયા કયા ?

**જ. (૪) વાટે વહેતા જીવને અચક્ષુદર્શન હોય છે. એક જ દર્શન હોય.**

(૫) સંમૂર્ચ્છિમ મનુષ્ય કેટલા ઉપયોગ લઈને નીકળે ? કયા કયા ?

**જ. (૫) સંમૂર્ચ્છિમ મનુષ્ય ૩ ઉપયોગ લઈને નીકળે. મતિ-શ્રુત અજ્ઞાન અને અચક્ષુદર્શન.**

---

**પ્ર. : ૪. સંસ્કાર વિભાગના આધારે જવાબ લખો :**

(૧) માયાનો ઘડો કાચો, જે ભરશે તેનો તૂટશે. આ કથન સમજાવો.

**જવાબ-૪ (૧)** માયાનો ઘડો કાચો, જે ભરશે તેનો તૂટશે, અર્થાત્ માયાનો ઘડો કાચા ઘડાથી પણ વધુ કાચો હોય છે. એવો માયાનો ઘડો ફૂટ્યા વિના રહેતો નથી. ગમે તેવા છાનાં પાપ કરો પરંતુ પરલોકમાં આ માયાનું રહસ્ય ખૂલશે. કારણે કે કર્મની આંખમાં ધૂળ નાખી શકાય નહીં. કરેલાં કર્મનો હિસાબ અસંખ્યાત ભવ પછી પણ ચૂકવવો પડે છે. માટે માયા કરતાં પહેલાં માયાની કિંમત ચૂકવવી પડશે એ જાણવું જરૂરી છે.

(૨) આત્માના અકર્તા અને અવેદી ગુણો પ્રગટાવવા શું શું કરવું જોઈએ ?

**જ. (૨)** આત્માનો અકર્તા ગુણ પ્રગટાવવા અહંકારનો નાશ કરવો અને લઘુતા ભાવ રાખવો જોઈએ. તેમ જ અવેદી ગુણ પ્રગટાવવા માટે ૫ ઇન્દ્રિયના ૨૩ વિષયો પ્રત્યે ઉદાસીનતા રાખવી જોઈએ.

(૩) આત્મસાધનાનાં સોપાન કેટલાં ? એમાંથી કોઈ પણ બે સોપાન સમજાવો ?

**જ. (૩)** આત્મ સાધનાનાં બાર સોપાન છે. એમાંથી પમું આત્મનિરીક્ષણ કરું. એક એક અવગુણને શોધીને કાઢવા માટે આત્મસંવાદ કરવો. આત્મદર્શન, આત્મચિંતન કરવું. ૬ઠ્ઠું આત્માર્થી બનું=માત્ર આત્માનું હિત અને કલ્યાણ થાય તેવા કામ કરું. મારો સંસાર, ભવ વધે નહિ માટે નાશ થનારની પાછળ સદા સાથે રહેનાર આત્માનું ન બગાડું.

(૪) માયાથી બચવાનો સાવ સરળ ઉપાય કયો ? કેવી રીતે ?

**જ. (૪)** માયાથી બચવાનો સાવ સરળ ઉપાય 'આત્મસાક્ષીથી જીવવું'. આત્મા ડંખે તેવું એક પણ કામ ન કરવું. ભલે આખી દુનિયા ન જાણતી હોય પરંતુ પોતાના આત્માથી છાની માયા તો નથી થવાની ને ? આમ જે પોતાના આત્માની સાક્ષીથી જીવે, પોતાને જ વફાદાર રહે એ માયાથી બચી જાય છે.

(૫) જ્યારે વધારે કામ કરવાનું આવે ત્યારે આમ ન બોલાય. કોઈ પણ બે મુદ્દા લખો.

**જ. (૫)** જ્યારે વધારે કામ કરવાનું આવે ત્યારે આમ ન બોલાય, ન વિચારાય.

૧) અમે પણ માણસ છીએ, કામ કરવાની કાંઈક હદ હોય ને ?

૨) નાનાએ શું કામ જ કરવાના? અને મોટાએ શું હુકમ જ છોડવાનો ?

૩) આખો દિવસ બસ કામ, કામ ને કામ ! નવરાશ મળે જ નહીં.

---

**પ્ર. : ૫. કથા વિભાગના આધારે જવાબ લખો :**

(૧) મોટો વિજેતા કોણ છે ? શ્રેષ્ઠ વિજય કયો છે ?

**જવાબ -૫ (૧)** જે સંગ્રામમાં ૧૦ લાખ યોધ્ધાઓને એકલે હાથે જીતી લે છે તેના કરતાં વિષય કષાયમાં રક્ત પોતાના આત્માને જીતનાર જ મોટો વિજેતા છે. આત્માને વશ કરનારો વિજય જ શ્રેષ્ઠ વિજય છે. (૨) નમિરાજર્ષિની આરાધનાથી આપણને શું પ્રેરણા મળે છે ?

**જ. (૨)** નમિ રાજર્ષિની આરાધના દ્વારા બોધ પ્રાપ્ત થાય છે કે સાધક સંસારને પ્રિય અને અપ્રિય એમ બે ભાગમાં વિભકત કરતા નથી, પરંતુ તેઓ સાંસારિક સુખોનો, આસક્તિનો તથા કષાયોનો ત્યાગ કરવામાં જ આનંદ અનુભવે છે. તેમ આપણે પણ આ દુર્લભ મનુષ્યભવમાં સાચા સાધક બનીએ.

(૩) દુ:ખ વિપાક સૂત્ર - અધ્યયન-૯નો ઉપસંહાર લખો.

**જ. (૩)** સંસારના સ્વાર્થપૂર્ણ સંબંધોનું સ્પષ્ટ ચિત્ર આ અધ્યયનમાં અંકિત થયું છે. એક રાજકુળમાં મળેલું સુખ પણ દુ:ખદાયી બન્યું. આ જાણી દુર્લભ માનવભવમાં ધર્માચરણ કરી જીવન સફળ બનાવવું જોઈએ. લક્ષ્મી અને સ્વાર્થી સંબંધોના મોહમાં અંધ ન બનતા. સંયમ-તપમાં પુરુષાર્થ કરવો જોઈએ.

(૪) દેવદત્તાના માતા-પિતાનું નામ શું હતું ? તેઓ કઈ નગરીમાં રહેતાં હતાં ?

**જ. (૪)** દેવદત્તાના પિતાનું નામ દત્ત સાર્થવાહ અને માતાનું નામ કૃષ્ણાશ્રી હતું. તેઓ રોહતક નગરીમાં રહેતાં હતાં.

(૫) સિંહસેન રાજા કયા પાપકર્મને કારણે મરીને કઈ નરકમાં ઉત્પન્ન થયા ?

**જ. (૫)** સિંહસેન રાજા દ્વારા ૪૯૯ સાસુમાતાઓની કતલ થઈ હતી. આવા અતિ અધિક પાપકર્મોનું ઉપાર્જન કરી મરીને છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થતા.

---

**પ્ર. : ૬. કાવ્ય વિભાગના આધારે પંક્તિ પૂરી કરો :**

(૧) દિન પ્રતિદિન ............................................. દિલને ગમે છે.

**જ. (૧) દિન પ્રતિદિન ભાવું ભાવના, સંસાર ક્યારે છૂટશે ?**
**સગાં સંબંધી સ્વજનો સહુનાં, બંધન ક્યારે છૂટશે ?**
**ગુરુકૂળમાં રહેવાનું (૨) દિલને ગમે છે.**

(૨) આ કાયા ................................................. અંજળ દેજો.

**જ. (૨) આ કાયા અટકી છે, નથી થતાં તુજ દર્શન,**
**ના જઈ શકું સુણવાને, ગુરુની વાણી પાવન,**
**ઉપાશ્રય જાવાનું, ફરીને અંજળ દેજો.**

(૩) મંગળકારી ................................................ વીરની વાણી.

**જ. (૩) મંગળકારી વીરની વાણી, અજીતની રસધાર,**
**ઝીલી શકે નહિ અંતર જેનું, એળે ગયો અવતાર,**
**જાણી એણે મોક્ષ પ્રમાણી, એવી પ્રભુ વીરની વાણી.**

(૪) ચેતનનું જ્ઞાન ............................................. ઓ ચેતન..........

**જ. (૪) ચેતનનું જ્ઞાન એ સમ્યક્જ્ઞાન છે, ચેતનના જ્ઞાન વિના બધું અજ્ઞાન છે,**
**અજ્ઞાન તજીને આત્મિક જ્ઞાનમાં, સદા હું મસ્ત બની જાઉં (૨) ઓ ચેતન....**

---

**પ્ર. : ૭. સામાયિક પ્રતિક્રમણ આદિના આધારે જવાબ લખો :**

**(ક) મૂળ માગધી શબ્દ લખો.**

૧) પાત્ર અને વસ્ત્ર આદિ ઉપાધિની  ૨) નાકનો મેલ (લીંટ)માં ઉપજે તે
૩) ક્ષમા કરજો   ૪) ભોજન સંબંધી.

**જવાબ (ક) ૧) પાત્ર અને વસ્ત્ર આદિ ઉપાધિની = ભંડોવગરણસ્સ**
**જ. ૨) નાકના મેલ (લીટ)માં ઉપજે તે = સિંઘાણેસુ વા**
**જ. ૩) ક્ષમા કરજો = ખમણિજ્જો**
**જ. ૪) ભોજન સંબંધી = ભોયણાઉય.**

**જવાબ (ખ) ૧) અણુમયં = વિશેષ માનવા યોગ્ય.**
**જ. ૨) પડિલાભેમાણે = ભાવથી આપતો થકો**
**જ. (૩) મજ્જણવિહિં = નહાવાના પાણીની મર્યાદા**
**જ. (૪) રોચંતો = રુચિ કરતો થકો.**

**(ગ) નીચે આપેલ પાઠ પૂર્ણ કરો :**

(૧) પડિગ્ગહ .................................. ઓસહ

**જવાબ (ગ) (૧) પડિગ્ગહ કંબલ પાય પુચ્છણેણં પાઢિયારુ પીઢ ફલગ સિજ્જસંથારએણં ઓસહ**

(૨) કરયલ .................................. નમોત્થુણં

**જ. ૨) કરયલ સંપરિગ્ગહિયં સિરસાવત્તં મત્થએ**
**અંજલીકટ્ટુ એવં વયાસી નમોત્થુણં**

**(ઘ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (કોઈ પણ ત્રણ)**

(૧) પરિગ્રહ એટલે શું ? બાહ્યપરિગ્રહ કેટલા છે ? તેના નામ લખો.

**જવાબ (ઘ) (૧) પરિગ્રહ એટલે મૂર્ચ્છા, મમત્ત્વ, બાહ્ય પરિગ્રહ ૯ છે. ખેત, વત્થુ, હિરણ્ણ, સુવણ્ણ, ધન, ધાન્ય, દુપદ, ચઉપદ અને કુવિય છે.**

(૨) કર્માદાન કોને કહેવાય ? તે કેટલા છે ?

**જ. (૨) જે ધંધામાં અને કાર્યોમાં વિશેષ હિંસા આદિ કારણોથી કર્મોનો વિશેષ બંધ થાય છે તેને કર્માદાન કહે છે. કર્માદાન પંદર પ્રકારે છે.**

(૩) દંડ કોને કહે છે ? અનર્થદંડ એટલે શું ?

**જ. (૩) મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિ કે જેનાથી આત્મા દંડાય તેને દંડ કહે છે. જે કાર્યમાં પોતાનું કે પરિવારનું કોઈ હિત ન થાય, જેનું કોઈ પ્રયોજન ન હોય અને જેનાથી વ્યર્થ હિંસા થવાથી આત્મા પાપોથી દંડિત થાય તેને અનર્થદંડ કહે છે.**

(૪) નિંદામિ અને ગરિહામિ વચ્ચે શું તફાવત છે ?

**જ. (૪) નિંદામિ એટલે આત્મસાક્ષીએ દોષોની આલોચના**
**ગરિહામિ એટલે ગુરુસાક્ષીએ દોષોની આલોચના.**

**॥ જય જિનેન્દ્ર ॥**